જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૯/૦૧/૨૦૨૦ રવિવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૧૨૨/૨૦૨૦**

# વિદેશીદારુના ગુનાઓમાં બે વર્ષથી વોન્ટેડ આરોપીની અટકાયત

**નારોલ પોલીસ સ્ટેશન :**

## કઠલાલ પોલીસ સ્ટેશન તથા નારોલ પોલીસ સ્ટેશનના વિદેશીદારુના ગુનાઓમાં બે વર્ષથી વોન્ટેડ આરોપીને પકડી પાડતી નારોલ પોલીસ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તેમજ સંયુકત પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ સા. શ્રી તેમજ ના.પો.કમિ.શ્રી, ઝોન-૬ સા. તેમજ ઇ.મ.પો.કમિ.શ્રી “કે” ડીવીઝન અમદાવાદ શહેર શ્રી નાઓની સુચના અને માર્ગદર્શન આધારે ઇન્સપેકટર એસ.એ.ગોહીલ સાહેબ નાઓના સીધા સુપરવિઝન હેઠળ નાસતા ફરતા વોન્ટેડ આરોપીઓને પકડવા સારુ સર્વેલન્સ સ્કોર્ડ પો.સ.ઈ. જે.એસ.ચૌધરી તથા મ.સ.ઈ.નેભાભાઈ મેરામણભાઈ તથા પો.કો. વિજયસિંહ લાખુભા તથા પો.કો.શક્તિસિંહ ઉદેસિંહ તથા પો.કો.રામદેવસિંહ જયેન્દ્રસિંહ તથા પો.કો.સહદેવસિંહ દેવેન્દ્રસિંહ તથા બીજા સ્ટાફના માણસો પો.સ્ટે.વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા દરમ્યાન લાંભા ટર્નિંગ પાસે આવતાં સાથેના પો.કો.શક્તિસિંહ ઉદેસિંહ તથા પો.કો.રામદેવસિંહ જયેન્દ્રસિંહ નાઓને સંયુકત બાતમી હકિકત મળેલ કે “નારોલ પોલીસ સ્ટેશન પ્રોહી ગુ.ર.નં.૫૦૨૭/૨૦૧૮ ધી પ્રોહી એકટ કલમ ૬૬(૧)(બી), ૬૫(એ)(ઈ), ૧૧૬(બી), ૯૮(૨), ૮૧ મુજબના ગુનામાં વોન્ટેડ આરોપી ઘનશ્યામ યાદવ રહે.ઈન્દીરાનગર વિભાગ-૦૨ લાંભા અમદાવાદ નાનો લાંભા ગામ તરફથી આવી અત્રે થઈ અસલાલી તરફ જવાનો છે. જેણે શરીરે સફેદ કલરનુ શર્ટ તથા કાળા કલરનુ પેન્ટ પહેરેલ છે.” જે બાતમી હકિકત આધારે વોચમાં રહેતાં વોન્ટેડ આરોપી ઘનશ્યામભાઈ દોવજીભાઈ જાતે યાદવ ઉ.વ.૫૦ ધંધો.કડીયાકામ રહે.મ.નં.૧૦, કોટરાનગર, આદિત્ય સોસાયટીની સામે ઈન્દીરાનગર વિભાગ–૦૧ ની બાજુમાં લાંભા ગામ તા.દસ્કોઈ જી.અમદાવાદ નાનો મળી આવતાં સદરી આરોપીને નારોલ પોલીસ સ્ટેશન પ્રોહી ગુ.ર.નં.૫૦૨૭/૨૦૧૮ ધી પ્રોહી એકટ કલમ ૬૬(૧)(બી), ૬૫(એ)(ઈ),

૧૧૬(બી), ૯૮(૨), ૮૧ મુજબના ગુનામાં તા.૧૮/૦૧/૨૦૨૦ ના કલાક ૨૦/૦૦  વાગે પકડી અટક કરી પુછપરછ કરતાં પોતે કઠલાલ પોલીસ સ્ટેશન પ્રોહી ગુ.ર.નં.૩૬૦/૨૦૧૬ ધી પ્રોહી એકટ કલમ ૬૬(૧)(બી), ૬૫(એ)(ઈ), ૬૭(એ), ૮૧, ૯૯ મુજબના ગુનામાં વોન્ટેડ હોવાની કબુલાત કરેલ હોય જેથી કઠલાલ પોલીસ સ્ટેશન તથા નારોલ પોલીસ સ્ટેશનના વિદેશીદારુના ગુનાઓમાં બે વર્ષથી વોન્ટેડ આરોપીને પકડી પ્રશંસનીય કામગીરી કરેલ છે.



## ગુના નિવારણ શાખા :

## "સટ્ટા બેટીંગના આંક લખી જુગાર રમતા ત્રણ ઈસમોને ઝડપી પાડતી પી.સી.બી."

મે.પોલીસ કમિશ્નર શ્રી આશીષ ભાટિયા નાઓએ અમદાવાદ શહેરમા પ્રોહી/જુગારની પ્રવૃતિ અટકાવવા સારુ સુચના આપેલ જે અનુસંધાને તા.૧૮.૧.૨૦૨૦ ના રોજ પીસીબીના સ્ટાફના માણસો પેટ્રોલીગમાં હતા દરમ્યાન સ્ટાફને ચોક્કસ બાતમી હકીકત મળેલ કે "અમરાઈવાડી ઠાકોરવાસ ખાતે રહેતો હરીસીંગ રણછોડભાઈ ઠાકોર નાનો પોતાના ભાડુતી માણસો રાખી અમરાઈવાડી ગામ ઠાકોરવાસ મણીબેન ભીખાભાઈ ઠાકોરના મકાન સામે ખુલ્લી જગ્યામા પોતાના આર્થિક ફાયદા સારુ બહારથી ગ્રાહકોનો ટેલીફોનથી સંપર્ક કરી બોમ્બે વરલી મટકાનો આંક ફરકનો નાણાની હારજીતનો કલ્યાણ ઓપન નો જુગાર રમી રમાડે છે" જે બાતમી હકીકત આધારે ઉપરોકત જણાવેલ જગ્યાએ પંચો સાથે રેઇડ કરતા નીચે જણાવેલ આરોપીઓને નીચે મુજબના જુગાર રમવાના સાધનો સાથે પકડી પાડી તેઓની વિરુધ્ધમા કાયદેસરની કાર્યવાહી કરી અમરાઈવાડી પોસ્ટે ખાતે ગુનો રજીસ્ટર કરાવવામા આવેલ છે.

**પકડાયેલ આરોપીઓ :**

(૧) સુરેશ છોટુભાઈ વસાવા રહેવાસી- નવો વાસ બ્રહમકુમારી સંસ્થાની સામે અમરાઈવાડી અમદાવાદ (૨) હરીસીંગ રણછોડભાઈ ઠાકોર રહેવાસી- ઘ.ન.૨૮૧ ઠાકોરવાસ અમરાઈવાડી અમદાવાદ

(૨) દિલીપકુમાર કેશવલાલ પટેલ રહેવાસી- નવો વાસ ચોકસીની ચાલી ગેટ ન.૨ ની સામે અમરાઈવાડીગામ અમદાવાદ

**ગુનાની જગ્યા :** અમરાઈવાડી ગામ ઠાકોરવાસ મણીભાઈ ભીખાભાઈ ઠાકોરના મકાન સામે ખુલ્લી જગ્યામા

**પકડાયેલ મુદામાલ :**

(૧) રોકડા નાણા રૂ. ૧૮,૯૬૦/-

(૨) મોબાઇલ ફોન નંગ ૨ કિ. રૂ. ૫૫૦૦/-

(૩) સટ્ટા બેટીંગના આંક લખેલ બુક નંગ -૧ કિ.રૂ. ૦૦.૦૦/

(૪) બોલપેન નંગ-૧ કિ.રૂ. ૦૦.૦૦/

**કુલ્લે રૂપિયા ૨૪,૪૬૦/- નો મુદામાલ**





# પાસાના આરોપીની અટકાયત

## ગુના નિવારણ શાખા :

અમદાવાદ શહેર વિસ્તારમા ગુનાહિત પ્રવૃતિઓ અટકાવવાના ઉદેશ્યથી મે.પોલીસ કમિશ્નર શ્રી આશીષ ભાટિયાનાઓએ **તા.૧૮.૧.૨૦૨૦** નારોજ અમદાવાદ શહેરના જુદા-જુદા પોસ્ટે વિસ્તારમાં મિલ્કતસબંધી/ પ્રોહીબીશનની ગુનાહિત પ્રવૃતિઓ કરતા ઇસમો વિરુધ્ધ નીચે મુજબની વિગતે પાસા હુકમ કરવામાં આવેલ છે.

- અમદાવાદ શહેરના નિકોલ તથા રાણીપ પોલીસ સ્ટેશન વિસ્તારમા પોતાના સાગરિતો સાથે મળી લોકોને વાતોમા ભોળવી નજર ચુકવી ખિસ્સામાથી મોબાઈલફોન ની ચોરી કરનાર તથા લોકોને વિશ્વાસમા લઈ ભરોસો આપી પુંઠાના બંડલ આપી નાંણા ભાગ પાડી આપવા જણાવી સોનાની ચેન તથા એકટીવા તેમજ મોબાઈલ ફોન લઈ જનાર ગુનાહિત માનસ ધરાવનાર ઈસમ ઈસમ કિશોર ગંગારામ ચતુરભાઈ મારવાડી (રાઠોડ) (સલાટ) રહેવાસી- ઓડનો ટેકરો જુના વાડજ બસ સ્ટેન્ડની પાછળ જુના વાડજ અમદાવાદ શહેર વિરુધ્ધ પાસા વોરંટ જારી કરી વડોદરા જેલ ખાતે મોકલવાની તજવીજ કરવામાં આવેલ છે.

| | |
|---|---|
|  | કિશોર ગંગારામ ચતુરભાઈ મારવાડી (રાઠોડ) (સલાટ) રહેવાસી- ઓડનો ટેકરો જુના વાડજ બસ સ્ટેન્ડની પાછળ જુના વાડજ અમદાવાદ શહેર |

- અમદાવાદ શહેરના ઈસનપુર પોલીસ સ્ટેશન વિસ્તારમા પબ્લીક સેકટર અંડર ટ્રેકિંગની એસબીઆઈ બેન્કના એટીએમ નો દરવાજો તથા ડીજીટલ લોક તોડી નુકશાન કરી એટીએમમા રહેલ કેશ ચોરી કરવાની કોશિષ કરનાર તથા બીઆરટીએસ બસમા ભીડનો લાભ લઈ લોકોના ખિસ્સામાથી પર્સ કાઢી ચોરી કરી તેમાથી રોકડા નાણા તેમજ એટીએમ કાર્ડથી ખાતામાથી નાણા ઉપાડનાર ગુનાહિત માનસ ધરાવનાર ઈસમ ઈસમ અજયભાઈ મનુભાઈ હરીભાઈ દંતાણી રહેવાસી- નીલગીરીના છાપરા ચંડોળા તળાવ, ઈસનપુર અમદાવાદ શહેર તથા હરીપુરા સેવન્ડે સ્કુલની બાજુમાં વિષ્ણુભાઈ રબારીના મકાનમા ખોખરા અમદાવાદ વિરુધ્ધ પાસા વોરંટ જારી કરી સુરત જેલ ખાતે મોકલવાની તજવીજ કરવામાં આવેલ છે.

| | |
|---|---|
|  | અજયભાઈ મનુભાઈ હરીભાઈ દંતાણી રહેવાસી- નીલગીરીના છાપરા ચંડોળા તળાવ, ઈસનપુર અમદાવાદ શહેર તથા હરીપુરા સેવન્ડે સ્કુલની બાજુમાં વિષ્ણુભાઈ રબારીના મકાનમા ખોખરા અમદાવાદ |

- આ ઉપરાંત પ્રોહીબીશન ગુનાઓની પ્રવૃતિ સાથે સંકળાયેલ અન્ય ૨ ઇસમો મળી **કુલ્લે ૪ ઇસમો વિરુધ્ધ પાસા હુકમ કરી** તેઓને રાજકોટ, ભુજ જેલ ખાતે મોકલવા તજવીજ કરવામાં આવેલ છે.